સત્યમેવ જયતે

| | | | | |
|---|---|---|---|---|
| દાખલ તારીખ | : | ૨૧/૦૭/૨૦૨૩ | | |
| રજી. તારીખ | : | ૨૧/૦૭/૨૦૨૩ | | |
| ફેંસલ તારીખ | : | ૦૨/૦૪/૨૦૨૬ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | | | |

**આંક–**

**************************************************

**મુન્દ્રા તાલુકાનાં પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ અને એડીશ્નલ ચીફ જયુડિશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં, મુકામ :મુન્દ્રા–કચ્છ.**

**************************************************

**ફોજદારી કેસ નં.૨૨૨૭/૨૦૨૩**

**ફરિયાદી :–** **શ્રી સરકાર**

પ્રાગપર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં. ૧૧૨૦૫૦૪૭૨૩૦૨૦૫/૨૦૨૩, તા. ૦૭/૦૬/૨૦૨૩.
મુળ ફરિયાદી : જીતુભા સંગ્રામસિંહ વાઘેલા, ઉ.વ. ૪૫, રહે. વરસાણા, તા. અંજાર–કચ્છ.

**વિરૂધ્ધ**

**આરોપી :–** **લાલજી હિરજી સોઢા,**
ઉ.વ.૩૦, ધંધો: ડ્રાઈવીંગ,
રહેવાસી : મોટી ગોધીયાર (થાણ), તા. નખત્રાણા.

**તહોમત : ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૦૪(અ) તથા ધી મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ.**

**************************************************

**ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી કે.એમ. પ્રજાપતિ.**
**આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી બી.કે. જાડેજા**

**************************************************

## -:: ચુકાદો ::-

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૦૭/૦૬/૨૦૨૩ નાં રોજ કલાક ૧૦-૩૦ થી ૧૦-૪૫ વાગ્યાનાં મંગલદિપ ગૌશાળાથી આશરે ૨૦૦ મીટર દુર વળાંક પર, ગામ: પત્રી, તા. મુન્દ્રા-કચ્છ મધ્યે આ કામના ફરિયાદી તથા તેમનો દિકરો સાહેદ નં.૮ નાઓ મરણ જનાર ગેમુભા વનુભા જાડેજા, ઉ.વ. ૫૮, રહે. નાના કાંડાગરા, તા. મુન્દ્રા-કચ્છ નાઓની હીરો હોન્ડા સ્પ્લેન્ડર મોટર સાયકલ રજી. નં. જીજે-૧૩-પી-૬૨૮૦ ઉપર બેસી પત્રી ગામે જતા હતા દરમિયાન કલાક ૧૦-૩૦ થી કલાક ૧૦-૪૫ ના અરસામાં પત્રી મંગલીદીપ ગૌશાળાથી દુર વળાંક પાસે એક ડમ્પર ટ્રક રજી. નં. જીજે-૧૨-બીઝેડ-૩૬૩૭ ના ચાલકે પોતાનું ડમ્પર પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી મોટર સાયકલને ટકકર મારી એકસીડન્ટ કરી ફરિયાદીશ્રીને માથાના ભાગે તથા જમણા હાથે તથા જમણા પગના ઢીંચણે ઈજા કરી તથા સાહેદ નં. ૮ નાને જમણા હાથની કોણી પાસે ઈજા કરી તથા મોટર સાયકલ ચાલક ગેમુભા વનુભા જાડેજા, ઉ.વ. ૫૮ નાને માથાના ભાગે તથા છાતીના ભાગે તથા હાથ તથા પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી મૃત્યુ નીપજાવી પોતાનું વાહન લઈ નાશી જઈ, ગુનો કરેલ હોય, આરોપી વિરૂધ્ધ ધોરણસર થવા ફરિયાદીએ હાલની ફરિયાદ પ્રાગપર પોલીસ સ્ટેશનમાં આપેલ.

(૨) મૂળ ફરિયાદીની ઉપરોકત ફરિયાદનાં આધારે પ્રાગપર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં. ૧૧૨૦૫૦૪૭૨૩૦૨૦૫/૨૦૨૩ થી આ કામનાં આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯, ૩૩૭, ૩૦૪(અ) તથા ધી મોટર વ્હીકલ એકટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો નોંધવામાં આવેલ. ત્યારબાદ, આ કામનાં તપાસ કરનાર અધિકારીએ પોતાની તપાસ દરમિયાન લાગતા-વળગતા સાહેદોનાં નિવેદનો નોંધી, જરૂરી પંચનામાઓ કરી તેમજ ગુના કામે જરૂરી દસ્તાવેજો મેળવી તપાસનાં કામે સામેલ રાખી, આ કામનાં આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવાઓ મળી આવતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ, જેને ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ, આ કામનાં આરોપીને ધોરણસર સમન્સ કાઢતા, આરોપી પોતાના વકીલ મારફતે હાલનાં કેસમાં હાજર થયેલ, અને આરોપીને ચાર્જશીટ સાથેનાં કાગળોની એક નકલ વિના મૂલ્યે પુરી પાડવામાં આવેલ. ત્યારબાદ, આંક–૩ થી આરોપીનો જવાબ (પ્લી) લેવામાં આવેલ, જેમાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા આરોપી વિરૂધ્ધ આ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ.

(૪) ત્યારબાદ, ફરિયાદપક્ષે આ કામે નીચે જણાવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**–:: મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ::–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | મુળ ફરિયાદી જીતુભા સંગ્રામજી વાઘેલાની જુબાની. | ૦૫ |
| ૨ | ફરિયાદ. | ૦૬ |
| ૩ | પંચ સાહેદ ભરતભાઈ વાલાભાઈ બરાડીયાની જુબાની. | ૦૭ |
| ૪ | બનાવવાળી જગ્યાનું પંચનામુ. | ૦૮ |
| ૫ | સાહેદ ધ્રુવરાજસિંહ ગેમુભા જાડેજાની જુબાની. | ૧૯ |
| ૬ | સાહેદ ધર્મેન્દ્રસિંહ રામસંગજી જાડેજાની જુબાની. | ૨૫ |
| ૭ | પોલીસ સાહેદ ત.ક.અ. રવિકુમાર નામદેવ વાડલેની જુબાની. | ૩૩ |
| ૮ | ઈન્કવેસ્ટ પંચનામું. | ૩૪ |
| ૯ | ગુનો દાખલ કરવાની યાદી તથા ડેપ્યુટ હુકમ (સંયુકત રીતે રજુ) | ૩૫ |
| ૧૦ | અકસ્માતમાં સંડોવાયેલ બન્ને વાહનોની આર.ટી.ઓ. ઈન્સ્પેકટર ધ્વારા તપસાણી રીપોર્ટ. | ૩૬–૩૭ |
| ૧૧ | ઈજા પામનારનું સારવાર સર્ટીફીકેટ. | ૩૮–૩૯ |
| ૧૨ | મરણજનારનું પોસ્ટ મોર્ટમ રીપોર્ટ. | ૪૦ |

(૫) ત્યારબાદ, આ કામે ઉપરોકત મુજબનો પુરાવો રજુ થયેલ છે. ત્યારબાદ, આરોપીના ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ મુજબ વધારાના નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં તેમણે નિર્દોષ હોવાનું અને છોડી મુકવા અરજ કરેલ છે.

ત્યારબાદ, ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપી તરફે વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત પુરાવાનાં આધારે હાલનાં કેસનાં આખરી ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૦૭/૦૬/૨૦૨૩ નાં રોજ કલાક ૧૦–૩૦ થી ૧૦–૪૫ વાગ્યાનાં મંગલદિપ ગોશાળાથી આશરે ૨૦૦ મીટર દુર વળાંક પર, ગામ: પત્રી, તા. મુન્દ્રા–કચ્છ મધ્યે આ કામના ફરિયાદી તથા તેમનો દિકરો સાહેદ નં.૮ નાઓ મરણ જનાર ગેમુભા વનુભા જાડેજા, ઉ.વ. ૫૮, રહે. નાના કાંડાગરા, તા. મુન્દ્રા–કચ્છ નાઓની હીરો હોન્ડા સ્પ્લેન્ડર મોટર સાયકલ રજી. નં. જીજે–૧૩–પી–૬૨૮૦ ઉપર બેસી પત્રી ગામે જતા હતા દરમિયાન કલાક ૧૦–૩૦ થી કલાક ૧૦–૪૫ ના અરસામાં પત્રી મંગલીદીપ ગૌશાળાથી દુર વળાંક પાસે એક ડમ્પર ટ્રક રજી. નં. જીજે–૧૨–બીઝેડ–૩૬૩૭ ના ચાલકે પોતાનું ડમ્પર પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી મોટર સાયકલને ટકકર મારી એકસીડન્ટ કરી ફરિયાદીશ્રીને માથાના ભાગે તથા જમણા હાથે તથા જમણા પગના ઢીંચણે ઈજા કરી તથા સાહેદ નં. ૮ નાને જમણા હાથની કોણી પાસે ઈજા કરી તથા મોટર સાયકલ ચાલક ગેમુભા વનુભા જાડેજા, ઉ.વ. ૫૮ નાને માથાના ભાગે તથા છાતીના ભાગે તથા હાથ તથા પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી મૃત્યુ નીપજાવી પોતાનું વાહન લઈ નાશી જઈ, ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૦૪(અ) તથા ધી મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દા અંગેનાં મારા નિર્ણયો નીચે મુજબ છે અને તે માટેનાં કારણોની ચર્ચા ત્યારપછી કરવામાં આવેલ છે.

(૧) 'નકાર' માં.

(૨) આખરી હુકમ મુજબ.

**-:: કા ર ણો ::-**

(૮) આ કામે, ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે સૌપ્રથમ આંક-૫ થી મૂળ ફરિયાદી જીતુભા સંગ્રામજી વાઘેલા નાઓનો સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, હાલનો આ બનાવ ગઈ જુન ૨૦૨૩ માં બનેલો. બનાવના દિવસે તેઓ તેમના ગામે તેમના દિકરાનું એડમીશન કરાવવા માટે ગુંદાલા ગામે આવેલ. તેઓ ગુંદાલા ગામે હતા ત્યારે તેમના કુવા વનુભા મો.સા. થી આવેલા અને તેઓ તથા તેમનો દીકરો તેમના મો.સા. પર બેસી પત્રી જતા હતા. મો.સા. વનુભા ચલાવતા હતા. તે દરમિયાન તેમના મો.સા. થોડેક દુર ડમ્પર તેમણે જોયેલ ત્યારબાદ શું બનેલ તે તેમને ખબર નથી. જયારે તેઓ ભાનમાં આવ્યા ત્યારે ભુજ મુકામે જી.કે. જનરલ હોસ્પીટલમાં સારવાર તળે હતા અને તેમનો દીકરો શકિતસિંહ પણ તેમની સાથે સરવાર માટે દવાખાનામાં હતો. આ અકસ્માતમાં તેમને માથાના ભાગે તથા પગના અને હાથના ભાગે ઈજાઓ થયેલી અને તેમના દીકરાને હાથની કોણીના ભાગે ઈજાઓ થયેલી. મો.સા. ચલાવનાર તેમના કુવાને અકસ્માતમાં વધુ ઈજાઓ થયેલ હોય તેઓ મરણ ગયેલ તેવુ તેમને જાણવા મળેલ. અકસ્માત કરનાર વાહનનો નંબર તેમને ખબર નથી. આ બનાવની તેઓએ ફરિયાદ આપેલી. ત્યારબાદ, તેમણે ફરિયાદ આપેલી જે ફરિયાદ બતાવતા તેમાં પોતાની સહી છે જે ઓળખી બતાવેલ છે જે રજુ દાખલ આંક-૬ આપેલ છે. બચાવપક્ષે સદર સાહેદની ઉલટ તપાસ કરેલ છે જેમાં સાહેદે જણાવેલ છે કે, અકસ્માત કરનાર ઇસમને તેઓ ઓળખતા નથી કે તેને જોયેલ નથી, તેવા સુચનનો સ્વીકાર કરેલ છે.

(૯) ત્યારબાદ, ફરિયાદપક્ષે આંક-૭ થી બનાવવાળી જગ્યાનાં પંચ સાહેદ ભરતભાઈ વાલાભાઈ બરાડીયાનો મૌખિક પુરાવો રજુ કરેલ છે અને તેઓનાં મૌખિક પુરાવામાં ફરિયાદપક્ષે આંક-૮ થી બનાવવાળી જગ્યાનાં પંચનામાની નકલ રજુ કરેલ છે. જે સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, સદર

સાહેદે પંચનામાનાં કથનો મુજબ પુરાવો નહી રજુ કરતા, વિ.એ.પી.પી.શ્રીએ સાહેદને ફરી ગયેલા સાહેદો જાહેર કરી, ઉલટ–તપાસ લીધેલ છે, પરંતુ, ઉલટ–તપાસમાં પણ સદર સાહેદે ફરિયાદપક્ષનાં કેસને સમર્થન કરેલ નથી અને તેઓ માત્ર પોતાની સહી સીવાય બીજું કાંઇ જાણતા નહી હોવાની હકીકત જણાવે છે. બચાવપક્ષે સદર સાહેદની ઉલટ તપાસ કરેલ છે જેમાં સાહેદે જણાવેલ છે કે, એક તૈયાર પંચનામામાં સહી કર્યા સ્વિાય તેઓ કશુ જાણતા નથી, તેવા સુચનનો સ્વીકાર કરેલ છે.

(૧૦) ત્યારબાદ, ફરિયાદપક્ષે આંક–૧૯ થી સાહેદ ધ્રુવરાજસિંહ ગેમુભા જાડેજા નાઓનો સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદી જીતુભા સંગ્રામસિંહને તેઓ ઓળખે છે. બનાવ ૨૦૨૩ માં ૬ તારીખે બનેલો, કયા મહીનામાં બનેલોતે તેમને યાદ નથી. બનાવના દિવસે જીતુભાના દીકરાનું પત્રી ગામે સ્કૂલમાં એડમીશન કરાવવાનું હોય તેમના પિતાજી મો.સા. નં. જીજે–૧૩–સી–૬૨૮૦ થી લઇ ગયેલા. તેઓ ઘરે હતા ત્યારે કોઇ બેનનો તેમના મોબાઇલ પર ફોન આવેલ અને તેમને કહેલ કે મંગલદીપ ગૌશાળા પાસે તમારા પિતાજીનો અકસ્માત થયેલ છે. જેથી ત્યારબાદ તેઓ તથા તેમના કાકાના દીકરા ધર્મેન્દ્રસિંહ સાથે ડીલક્ષ મો.સા. થી બનાવવાળા સ્થળે ગયેલા અને જોયુ તો તેમના પિતાજી મરણ ગયેલ હાલતમાં પડેલ હતા અને જીતુભા તથા તેમનો દીકરાને ઇજાઓ થયેલ હોય ત્યાં પડેલ હતા. તેમના પિતાજી મરણ ગયેલ હોય તેમની લાશનું પી.એમ. કરવા સારૂ મુન્દ્રા સરકારી દવાખાનામાં લઇ ગયેલ. જીતુભા તથા તેમના દીકરાને સારવાર માટે ભુજ દવાખાને લઇ ગયેલા. બનાવ બાબતે તેમને જાણવા મળેલ કે પત્રી ગામે રોડની ગોળાઇ પર એમ.એમ. જાડેજાની ગાડીના ડ્રાઇવરે પીધેલી હાલતમાં તેમના પિતાજીના મો.સા. ને ટકકર મારેલી. આ બનાવની જીતુભાએ ફરિયાદ આપેલી. જીતુભાને ખભાના ભાગે તથા માથાના ભાગે ઇજાઓ થયેલી તથા જીતુભાના દીકરાને હાથના ભાગે છોલછાલ થયેલી. પોલીસે તેમની પુછપરછ કરેલી. સદર સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, સદર સાહેદે ફરિયાદપક્ષના કેસ મુજબ પુરાવો નહી રજુ કરતા,

વિ.એ.પી.પી.શ્રીએ સાહેદને ફરી ગયેલા સાહેદો જાહેર કરી, ઉલટ–તપાસ લીધેલ છે, પરંતુ, ઉલટ–તપાસમાં પણ સદર સાહેદે ફરિયાદપક્ષનાં કેસને સમર્થન કરેલ નથી અને ફરિયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવેલ નથી. બચાવપક્ષે સદર સાહેદની ઉલટ તપાસ કરેલ છે જેમાં સાહેદે જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે બનાવ તેમણે નજરે જોયેલ નથી કે બનાવ વિશે તેમને કોઇ જાત માહીતી નથી.

(૧૧) ત્યારબાદ, ફરિયાદપક્ષે આંક–૨૫ થી સાહેદ ધર્મેન્દ્રસિંહ રામસંગજી જાડેજા નાઓનો સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ આ કામના ફરિયાદી જીતુભા સંગ્રામસિંહને ઓળખે છે. મરણ જનાર ગેમુભાને ઓળખે છે. તેઓ તેમના મોટા બાપુજી થતા હતા. અકસ્માતવાળો બનાવ પત્રી ગામે મંગલદીપ ગૌશાળાના વળાંકમાં સવારના સમયે બનેલો. બનાવના દિવસે તેઓ ગેમુભાના દીકરા સાથે મો.સા. માં પત્રી જતા હતા. તેમની આગળ જીતુભા તેમનો દીકરો શકિતસિંહ તથા તેમના મોટા બાપુજી ગેમુભા પત્રી જતા હતા. મો.સા. ગેમુભા ચલાવતા હતા. મંગલદીપ ગૌશાળા પાસે પહોંચતા ગેમુભાના મો.સા. નું એક આઇવા ડમ્પર ચાલકે ટકકર મારેલી. જેથી ગેમુભા તથા તેમની પાછળ બેઠેલ માણસો મો.સા. સાથે નીચે પડી ગવયેલા. તેઓ પાછળ આવતા હોય તુરંત જ ઉભા રહી જોતા તેમના મોટા બાપુજી ગેમુભા આઇવા ડમ્પરના ટાયરમાં આવી જતા સ્થળ પર મરણ ગયેલ હતા. જીતુભાને સામાન્ય ઇજાઓ થયેલી અને તેઓ બનાવ સમયે બેભાન થઇ ગયેલા હતા. શકિતસિંહને સામાન્ય ઇજા થયેલી. બનાવ બની ગયા બાદ ઓળખીતા બે–ત્રણ માણસો આવી ગયેલા અને તેઓ ત્રણેય જણને સારવાર માટે સરકારી દવાખાના મુન્દ્રા મધ્યે લઇ ગયેલા. શકિતસિંહ તથા તેમના પિતાને વધુ સારવાર માટે ભુજ લઇ ગયેલા. અકસ્માત કરનાર ડમ્પરનો ચાલક અકસ્માત કરી ભાગી ગયેલ હતો. તેનો નંબર તેમને યાદ નથી. તેમના મોટા બાપુજીનું મુન્દ્રા સરકારી દવાખાનામા પી.એમ. કરવામાં અવેલ હતુ. આ બનાવની ફરિયાદ જીતુભાએ આપેલી. ફરિયાદ થયા બાદ પોલીસ આવેલી અને તેમની પુછપરછ કરેલી. બચાવપક્ષે સદર સાહેદની ઉલટ તપાસ

કરેલ છે જેમાં સાહેદે જણાવેલ છે કે, અકસ્માત તેમણે નજરે જોયેલ નહી. અકસ્માત કરનાર વાહનનો નંબર તથા ચાલક કોણ હતા તે તેમને ખબર નથી.

(૧૨) ત્યારબાદ, ફરિયાદપક્ષ ધ્વારા આ ગુનાનાં પોલીસ સાહેદ તપાસ કરનાર પોલીસ અમલદાર રવિકુમાર નામદેવ વાડલે નો મૌખિક પુરાવો આંક–૩૩ થી રજુ કરવામાં આવેલ છે, જેને સોગંદ ઉપર તપાસની કરેલ કાર્યવાહીની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ છે અને વધુમાં, જણાવેલ છે કે, તેઓ તા. ૦૭/૦૬/૨૦૨૩ ના પ્રાગપર પો.સ્ટે. માં હાજર હતા તે દરમિયાન પી.એસ.ઓ. એ એમ.એલ.સી. નં. ૫૦/૨૦૨૩ ની તપાસ તેઓને સોંપેલી. સદરહુ એમ.એલ.સી. ના તપાસના કામે સરકારી હોસ્પીટલ ગયેલા અને ત્યા અકસ્માતમાં મરણ જનાર ગેમુભા વજુભા જાડેજાની લાશ પડેલી હતી અને તે લાશ તેમના દીકરાએ ઓળખી બતાવેલી અને બે પંચો રૂબરૂ લાશનું ઈન્કવેસ્ટ પંચનામું કરેલુ. તેમને ઈન્કવેસ્ટ પંચનામાની નકલ બતાવવામાં આવે છે. જેને બચાવ પક્ષે આંકે પાડવા સામે વાંધો ન હોય રજુ દાખલ આંક–૩૪ આપેલ છે. ફરિયાદી જીતુભા સંગ્રામસિંહ વાઘેલાને મળતા તેઓએ પોતાની અકસ્માત બાબતની ફરિયાદ તેમના રૂબરૂ જાહેર કરતા તેમના લખાવ્યા મુજબની ફરિયાદ લખી લઈ અને તેમની સહી લઈ અને રૂબરૂ તરીકે તેઓએ પોતાની સહી કરેલ. તેમને આંક–૬ વાળી ફરિયાદ બતાવતા જેમાં ફરિયાદી તથા પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદરહુ ફરિયાદ પી.એસ.ઓ. ને ગુનો રજીસ્ટર કરવા યાદી સાથે સોંપતા, તેઓએ સદરહુ ફરિયાદ પી.એસ.ઓ. ને ગુનો રજીસ્ટર કરવા યાદી સાથે સોંપતા, તેઓએ સદરહુ ફરિયાદ મુન્દ્રા પો.સ્ટે. ગુ.ર. નં. ૨૦૫/૨૦૨૩ થી ઈ.પી.કો. કલમ–૩૦૪–અ વગેરે મુજબથી દાખલ કરી આગળની તપાસ તેઓને સોંપેલ. આજરોજ ગુનો દાખલ કરવાની યાદી તથા ડેપ્યુટ હુકમ સંયુકત રીતે રજુ કરે છે જેમા પોતાની સહી છે જે તેઓ ઓળખે છે જે રજુ દાખલ આંક–૩૫ આપેલ છે. તપાસના કામે બનાવવાળી જગ્યા પત્રી ગામથી મંગલદિપ ગૌશાળાથી ૨૦૦ મી. દુર આવેલ હોય તે જગ્યાએ જઈ હાાજર સાહેદના બતાવ્યા મુજબનુ પંચનામુ કરેલ. તે જગ્યાએ એક મો.સા. અકસ્માતગ્રસ્ત હાલતમાં પડેલ હતી.

તેમને આંક–૮ વાળુ પંચનામુ બતાવતા જેમાં પંચોની તથા પોતાની સહી છે જે ઓળખે છે. તપાસના કામે સાહેદોના નિવેદનો લીધેલા. તપાસના કામે ડમ્પર નંબરના આધારે તપાસ કરતા અકસ્માત સમયે વાહન લાલજી હીરજી સોઢા ચલાવતા હોવાનું ખુલતા તેઓને પો.સ્ટે. બોલાવી પુછપરછ કરી, જામીન મુકત કરેલ. અકસ્માતમાં સંડોવાયેલ બન્ને વાહનોની આર.ટી.ઓ. ઈન્સ્પેકટર ધ્વારા તપાસણી કરાવેલી અને તેનો રીપોર્ટ મેળવેલા. જે તેમને બતાવતા જે તેઓએ મેળવેલ છે જે રજે દાખલ આંક–૩૬ અને રજુ દાખલ આંક–૩૭ આપેલ છે. ઈજા પામનારનું સારવાર સર્ટીફીકેટ મેળવેલ તે તેમને બતાવતા જે તેઓએ મેળવેલ તે જ છે જે રજુ દાખલ આંક–૩૮ અને રજુ દાખલ આંક–૩૯ આપેલ છે. મરણ જનારની પી.એમ. નોટ મેળવેલી જે તેમને બતાવતા જે તેઓએ મેળવેલ તે જ છે જે રજુ દાખલ આંક–૪૦ આપેલ છે. તેમની તપાસમાં એવુ ખુલેલ કે આ કામના આરોપી પોતાના કબજાનું વાહન પુરઝડપે અને બેદરકારીપૂર્વક ચલાવી મો.સા. પર જતા ઈસમોને ટકકર મારી અકસ્માત કરી ઈજાઓ કરી અને મોત નીપજાવેલ. તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ. બચાવપક્ષે સદર સાહેદની ઉલટ તપાસ કરેલ છે જેમાં સાહેદે જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે તેમણે પોતાની તપાસ દરમિયાન સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. એ વાત ખરી નથી કે પંચોની હારીમાં પંચનામા કરેલ નથી. એ વાત ખરી નથી કે સાહેદોના નિવેદનો ફરિયાદને અનુરૂપ લખી લીધેલ છે, સાહેદોના લખાવ્યા મુજબ લખાવેલ નથી. તે સીવાયના અન્ય સુચનનો સદર સાહેદે ઈન્કાર કરેલ છે.

(૧૩) ત્યારબાદ, ફરિયાદપક્ષે આંક–૪૧ થી સાહેદ શકિતસિંહ જીતુભા વાઘેલા નાઓનો સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ વર્ષ ૨૦૨૩ ના ઉનાળામાં ગુંદાલા નજીક બનેલો. બનાવના દિવસે તેઓ તેમના પિતાજી સાથે પત્રી ગામે આવેલા હતા અને પત્રી ગામે આવેલ હોસ્ટેલમાં એડમીશન લેવાનું હોય, તેમના કુવા ગેમભાના મો.સા. ઉપર તેઓ તથા તેમના પિતાજી સાથે જતા હતા ત્યારે એક ડમ્પર ચાલકે ટકકર મારી

અકસ્માત કરેલ. જેથી તેઓ બેભાન થઇ ગયેલા હતા અને દવાખાને જતા સમયે એમ્બ્યુલનસમાં તેમને ભાન આવેલ તેમને ભુજ સારવાર માટે લઈ ગયેલા. તેમના પિતાજીને પગના ભાગે તથા માથાના ભાગે ઈજાઓ થયેલી. તેમને હાથના ભાગે ઈજાઓ થયેલી. તેમના કુવા ગેમુભાના માથા ઉપર અકસ્માત કરનાર ડમ્પરનું ટાયર આવી ગયેલ તેઓ મરણ ગયેલ. અકસ્માત કરનાર વાહનનો નંબર અને ચાલકની તેમને ખબર નથી. તેમના પિતાજીએ ફરિયાદ આપેલી અને પોલીસે તેમની પુછપરછ કરેલી. બચાવપક્ષે સદર સાહેદની ઉલટ તપાસ કરેલ છે જેમાં સાહેદે જણાવેલ છે કે, બનાવ બન્યા બાદ તેઓ બેભાન થઇ ગયેલ હોય તેના ચાલકને તેમણે જોયેલ નહી, તેવા સુચનનો સ્વીકાર કરેલ છે.

(૧૪) આમ, ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ ફરિયાદ, બનાવવાળી જગ્યાનું પંચનામું, ઈન્કવેસ્ટ પંચનામુ, મરણજનારનું પી.એમ. નોટ તેમજ અન્ય દસ્તાવેજી પુરાવા અને સાહેદોની જુબાની ધ્યાને લીધી. આ કામે સાહેદોની મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું સમગ્રપણે મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે ફરિયાદી અને સાહેદોએ ફરિયાદ મુજબ અકસ્માતનો બનાવ બનેલાની અને અકસ્માતમાં ફરિયાદી તથા ફરિયાદીના દીકરાને ગંભીર ઈજાઓ થયેલાની અને સારવાર કરાવેલાની તેમજ મરણ જનાર ગેમુભા વજુભા જાડેજાને ગંભીર ઈજાઓ થવાથી સ્થળ પર મરણ થયેલ હોવાનું તથા સરકારી દવાખાનામાં લાશનું પોસ્ટ મોર્ટમ કરી તેઓના સંબંધીને સોંપેલાની હકીકતો જણાવેલી છે. ફરિયાદી તથા ફરિયાદીનો દીકરો અકસ્માત સમયે બનાવ નજરે જોનાર અને આ કામે ભોગ બનનાર સાહેદ છે. પરંતુ, ફરિયાદી કે કોઈપણ સાહેદોએ હાલના આરોપી જ બનાવ સમયે અકસ્માત કરનાર વાહનના ચાલક હતા તેવી હકીકત જણાવેલ નથી કે કોઈપણ સાહેદોએ હાલના આરોપીને ઓળખી પણ બતાવેલ નથી કે કોઈપણ સાહેદે અકસ્માતવાળા વાહનના નંબર જણાવેલ નથી. આ કામે મહદઅંશે તપાસેલા સાહેદો ફરિયાદીના સગા–સંબંધીઓ છે અને આ સાહેદો હિત ધરાવનાર સાહેદો છે. આમ, આ કામે ફરિયાદી અને તમામ સાહેદોની જુબાનીઓને

ધ્યાને લેવામાં આવે તો કોઈપણ સાહેદે બનાવ વખતે હાલના આરોપી પુરઝડપે અને ગફલત અને બેદરકારીથી વાહન ચલાવતા હોવાના કારણે કે હાલના ફરિયાદ મુજબની હકીકતોનો અકસ્માતનો બનાવ બનેલ હોય તેવી ફરિયાદની હકીકતને સમર્થન આપેલ નથી. આમ, મહત્વના સાહેદોએ અકસ્માતના બનાવને સમર્થન આપેલ છે પરંતુ તે પૈકી કોઈપણ સાહેદે હાલના આરોપીને કોર્ટ રૂબરૂ અકસ્માતવાળા વાહનના ચાલક તરીકે ઓળખી બતાવેલ નથી. વધુમાં, ફરિયાદી અને સાહેદોએ હાલના આરોપી અકસ્માતમાં સંડોવાયેલ વાહનના ચાલક હતા તેવી કોઈ હકીકત જણાવેલ નથી. આ કામે પંચ સાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી. પોલીસ સાહેદે તેઓએ કરેલ ફરજના ભાગરૂપેની કાર્યવાહીની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ છે. આમ, આ કામે રજુ થયેલ પુરાવા પરથી એ હકીકત નિર્વીવાદ છે કે, આ કામે અકસ્માતનો બનાવ બનેલ છે અને તેમાં ઈજા પામનાર ગેમુભા વજુભા જાડેજાનું ગંભીર ઈજાઓને કારણે સ્થળ પર મરણ થયેલ છે તે હકીકત બિનતકરારી છે અને અકસ્માતમાં મરણ ગયેલાનું પોસ્ટ મોર્ટમ રીપોર્ટથી ઈજા પામનારનું મરણ થયેલ હોવાનું ફલીત થાય છે પરંતુ, બનાવ વખતે હાલના આરોપી જ અકસ્માતવાળા વાહનના ચાલક હોય તેવો કોઇ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોઇ, ફરિયાદી અને સાહેદોની જુબાની ઉપરથી પણ હાલના આરોપીની બેદરકારી અને ગફલતના કારણે અકસ્માત થયેલ હોવાની હકીકત પ્રસ્થાપિત થતી નથી. એ હકીકત છે કે, ફરિયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવો જોઇએ અને આ કામે રજુ થયેલ પુરાવા ઉપરથી ફરિયાદપક્ષ હાલના આરોપીની સદર અસ્માતના બનાવમાં કોઇ સંડોવણી હોવાની હકીકત રેકર્ડ પર લાવવામાં નિષ્ફળ ગયેલ હોવાનું સ્પષ્ટ જણાઇ આવે છે. ત્યારે, મારા મતે આ કામનાં આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકવા જોઇએ. આમ, આ કામેના આરોપીએ ફરિયાદીની ફરિયાદ મુજબનો અકસ્માતનો બનાવ બનેલ  હોવાનું તમામ વ્યાજબી શંકાથી પર રીતે પુરવાર થતું ન હોઇ, આ કામે ગુનાને આરોપી સાથે જોડવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોઇ, મારા મતે, આરોપીત ગુનાનાં કામે આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકવા જોઇએ. આમ, આરોપી ઓ વિરૂઘ્ધ ભારતીય દંડ

સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૦૪(અ) તથા ધી મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાના તત્વો સંતોષાય તેવો અને તેટલો પુરાવો ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ ન હોઈ, મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ સંબંધે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

(૧) આ કામનાં આરોપી **લાલજી હિરજી સોઢા,** ઉ.વ.૩૦, ધંધો: ડ્રાઈવીંગ, રહેવાસી : મોટી ગોધીયાર (થાણ), તા. નખત્રાણા નાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૨૫૫(૧) હેઠળ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૦૪(અ) તથા ધી મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાનાં કામે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ટ્રાયલ દરમિયાન આરોપીએ રજુ કરેલ જામીન તથા જાત મુચરકા રદ કરવા.

(૩) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૭(ક) મુજબ, આરોપીને અપીલ સમય સુધીનાં રૂા. ૫૦૦૦/– (રૂપીયા પાંચ હજાર પુરા) નાં સધ્ધર જામીન તથા તેટલી જ રકમનાં જાત–મુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ ચુકાદો આજરોજ તારીખ બીજી, માહે: એપ્રીલ, સને– બે હજાર છવ્વીસનાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

સહી/–
**(હિતેષ જયંતિલાલ તન્ના)**
અધિક ચીફ જયુડિશીયલ મેજીસ્ટ્રેટ,
મુન્દ્રા–કચ્છ.
જજ કોડ: જી.જે.૦૦૯૫૫.

સ્થળ : મુન્દ્રા–કચ્છ.
તારીખ: ૦૨/૦૪/૨૦૨૬.

(હરેશ પરમાર, ગુજ.સ્ટેનો.)